# ટ્રાફિક પોલીસ બિચારી કે બેજવાબદાર ?

દિનપ્રતિદિન શહેરીકરણ, આર્થિક સદ્ધરતા અને જરૂરિયાતને કારણે મુસાફરીના વાહનોમાં વધારો થઇ રહ્યો છે. રસ્તાને પહોળા બનાવવામાં આવે છતાં સમયાંતરે તે રસ્તાઓ પણ સાંકડા બનતા જાય છે. રસ્તા સાંકડા બનતા જાય છે, તેમ ટ્રાફિકના નિયમો-કાયદાનું પાલન કરવામાં પ્રજા અને કાયદાનું પાલન કરાવનાર ટ્રાફિક પોલીસ એમ બંનેનું માનસ પણ સાંકડુ થતું જાય છે. શાળા-કોલેજોમાં ટ્રાફિકના નિયમો અંગેની જાગૃતતા લાવવા માટે અનૌપચારિક શિક્ષણનું કામ થાય છે, પણ જેમને વાહન ચલાવવાના નથી તેમને મળતું આ શિક્ષણ જે તે સમયે ઉપયોગી બનતું નથી અને જ્યારે વાહન ચલાવવાનું શરૂ કરે છે, ત્યારે તેમનું માનસ બદલાઇ ગયું હોય છે. કાયદાનું પાલન કડકાઇથી કે દંડ કરવાથી ન થાય, તે માટે નિષ્ઠા હોવી જોઇએ. આ નિષ્ઠા દાખવવામાં લોકો અને નિષ્ઠા દાખલ કરવામાં ટ્રાફિક પોલીસ બંને નિષ્ફળ ગયા છે.

ટ્રાફિકનું સુચારું સંચાલન કરાવવા માટે રસ્તાઓ પર પોલીસ ખડે પગે તૈયાર ઊભેલી જોવા મળે છે. પછી તેમાં ચોમાસામાં વરસતા વરસાદમાં કે ઉનાળામાં ધોમધખતા તાપમાં પણ આ પોલીસના કર્મચારીઓ પોતાની સેવા બજાવવા માટે નજરે પડે છે. ત્યારે મનોમન તેમના માટે હમદર્દી ઊભી થાય છે. સાથે વિચાર પણ આવે છે કે, આ રીતે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ માટે સરકારે વિશિષ્ટ સાધનો સવલતો આપીને તેમનામાં ફરજ પ્રત્યે પ્રોત્સાહન પૂરું પાડવું જોઇએ. શરીરને અનુકૂળ ન આવે તેવા વાતાવરણમામ પણ જાહેર માર્ગો પર આ ફરજ બજાવવી કઠિન તો છે જ, પણ એ જ કઠિનતામાં ક્યારેક લોકો વધારો પણ કરે છે. લોકો પોતાના સ્વાર્થ ખાતર કે પોતાનો સમય બચાવવા કે અન્ય કારણોસર ટ્રાફિકને અવરોધે છે. પોલીસ બિચારી બનીને તેને સુચારું ચલાવવા પ્રયત્ન કરે તો ક્યારેક તેમની સામે અપમાનજનક શબ્દો કે વર્તન આવતાં હોય છે. જો પ્રજા પોતે જ ટ્રાફિકના નિયમોનું ચૂસ્તપણે, નિષ્ઠાપૂર્વક પાલન કરતી હોય તો પોલીસને ચાર રસ્તા પર ઊભા રાખવાની જરૂર જ ન પડે. આવાં અનેક દશ્ય મેં સિંગાપોર અને ઓસ્ટ્રેલિયામાં જોયા છે. જ્યાં ચાર રસ્તા પર ભાગ્યે જ કોઇ ટ્રાફિકપોલીસ જોવા મળતી હોય. છતાં ત્યાં ટ્રાફિકના કાયદાનું પાલન સરસ રીતે થાય છે. ત્યારે ભારતમાં કેમ નહીં ? કારણો ઘણાં છે. પણ એક અગત્યનું કારણ પ્રજા અને પોલીસ બંનેમાં નિષ્ઠાનો અભાવ છે.

પોલીસમાં રહેલ નિષ્ઠાનો અભાવ જ પોલીસના કામને વધારે કઠિન બનાવે છે. વાચકના મનમાં એવો વિચાર આવે કે, આગળના ફકરામાં પોલીસના વખાણ કર્યા છે, તો અહીં પોલીસને શા માટે વગોવવામાં આવી છે ? તો એમ કહી શકાય કે, ટ્રાફિક પોલીસમાં એવા કેટલાક,જૂજ પ્રમાણમાં, ખૂબ જ ઓછા નિષ્ઠાવાન કર્મચારીઓ છે, જેમના કારણે ટ્રાફિકનું તંત્ર ટકી રહ્યું છે તેમ કહેવામાં સહેજ પણ અતિશ્યોક્તિ નથી. બાકી મોટાભાગના ટ્રાફિક પોલીસને ટ્રાફિકના સારા સંચાલન કરતાં પૈસા ઉઘરાવવામાં રસ હોય છે તેમ મોટાભાગના લોકો માને છે. આ માટે ટ્રાફિક પોલીસના સંચાલનકર્તા મોટા અધિકારીઓને એક પડકાર આપી શકાય કે, શહેરમાં જુદાજુદા વિસ્તારમાં જઇને રસ્તા પર વાહન ચલાવતા સો-બસો વ્યક્તિઓને ઊભા રાખીને પૂછો કે, તમે ટ્રાફિક પોલીસને લાંચ આપેલ છે? ગેરંટી સાથે કહેવાનું મન થાય છે કે, બે-ચાર માણસો પણ નહીં મળે કે, જેમણે ટ્રાફિક પોલીસને લાંચ ન આપી હોય.અરે મોટાભાગના લોકોએ એકવાર નહીં અનેકવાર લાંચ આપી હશે.ટ્રાફિક અધિકારીવર્ગ આ પડકારને ઝીલીને સર્વે કરાવે અને તેના પરિણામો જાહેર કરે તો ? આમ દરેક પ્રજાજન આજે એમ માનતો થઇ ગયો છે કે, ટ્રાફિક પોલીસને ટ્રાફિક કરતાં પૈસા ખાવામાં વધારે રસ છે. કોઇ વાચક મિત્રને એમ લાગે કે, લોકો કાયદાના નિયમનું પાલન કરતા હોય તો તેમને લાંચ શા માટે આપવી પડે ? વાત સાચી છે,

પણ એટલી સરળ નથી. ટ્રાફિક પોલીસ સાવ સામાન્ય લાગતા કારણોસર લોકોને હેરાન પરેશાન પણ કરી મૂકે છે. જેમકે, હેડ લાઇટ પર પીળો પટ્ટો કેમ નથી ? સાઇડ ગ્લાસ કેમ નથી ? પી.યુ.સી.સર્ટીફિકેટ કેમ નથી ? વગેરે. અહીં આવા કાયદાનું પાલન ન કરો તો ચાલે તેમ કહેવાનો સહેજે અર્થ નથી. પણ જે સમયે પોલીસ વાહન ચાલકને ઊભો રાખીને આવા કાયદાનું પાલન કરાવવાનો આગ્રહ રાખતા હોય છે ત્યારે એ જ ચાર રસ્તા પર ટ્રાફિક જામ થયો હોય, સાયકલ, સ્કૂટર કે લારીવાળા ભાઇઓ રોંગ સાઇડમાં અવરજવર કરીને અન્યવાહન ચાલકોને મુશ્કેલીમાં મૂકતા હોય છે. ત્યાં પોલીસનું ધ્યાન કેમ નહીં જતું હોય ? એમાં પણ અમદાવાદમાં ટોપાસર્કલ (માનવમંદિર પાસે) અને અંધજનમંડળ પાસે તો રીતસરનું પોલીસ દ્વારા ઉઘરાણું કરવામાં આવતું હોય તેવા દૃશ્યો અવારનવાર જોવા મળે છે. આવા ચાર રસ્તાઓના વળાંક પર પોલીસ ઊભેલી જ હોય. વળાંકના કારણે વાહનો ધીમે ચાલતા હોય અને ફટ દઇને પોલીસ વચ્ચે આવીને રોકે. નાનોમોટો કાયદો બતાવે, ક્યારેક પહોંચ આપે ક્યારેક ન આપે. આ સમયે જ ચાર રસ્તા પર ટ્રાફિક ખોટવાય તો ત્યાં જવાની પોલીસને ઇચ્છા કેમ નહીં થતી હોય ?

પોલીસના આવા વર્તનોને કારણે જ તે પ્રજાથી દૂર જઇ રહી છે, અને પ્રજા તેમનો અનૈતિક રીતે સામનો કરવાની હિંમત કરે છે. અન્ય એક ઉદાહરણથી વાચકને વધુ ખ્યાલ આવશે કે પોલીસનું વર્તન, વિચાર અને નિષ્ઠા કેટલીહદ સુધી નીચે ગયા છે. હમણાં થોડા સમયપૂર્વે કોર્ટના આદેશ મુજબ વાહનોના બારીના કાચ પર લગાવવામાં આવતી રંગીન ફિલ્મ-રંગીન કાગળ હટાવવાની ઝુંબેશ ચાલી. કોર્ટના આદેશનું પાલન કરવા માટે માત્ર અમદાવાદમાં જ દરરોજના આશરે ત્રણ હજાર વાહનોને પકડવામાં આવતા. આજે પણ આ ઝુંબેશ ચાલુ જ છે. જેમાં ટ્રાફિક પોલીસ મોટાપાયે ભ્રષ્ટાચાર પણ કરે છે. આ નિયમ તમામ પ્રકારના વાહનો માટે છે. ત્યારે આ લેખકે જ અમદાવાદમાં જે અધિકારીના આદેશથી આ ઝુંબેશ ચલાવી હતી તેમની સાથે ટેલિફોન પર વાત કરી. અધિકારીનું ધ્યાન દોરતાં જણાવેલ કે, શું આ નિયમ માત્ર પ્રજાના જ વાહનોને લાગુ પડે છે ? સરકારી વાહનોને લાગુ પડે ? જવાબ મળ્યો કે, હા, તમામ વાહનો માટે આ નિયમ છે. ત્યારે સૂચન કરેલ કે, સાહેબ, દરરોજ પ્રજાની ત્રણ હજાર જેટલી ગાડીઓના કાચ પરથી ફિલ્મ ઉતારો છો અને દંડ કરો છો, ત્યારે ન્યાયાધીશોના વાહનો, ધારાસભ્યોના વાહનો, અરે પોલસિ અધિકારીઓના વાહનો, એસ.ટી.ની બસ, બી.આર.ટી.એસ.ની બસ વગેરેની બારીઓ પર રંગીન ફિલ્મ હોય છે કે કાચ રંગીન હોય છે. તેમની સામે કેમ પગલાં ભરાતા નથી ? શું કાયદા માત્ર પ્રજા માટે જ છે ? સરકારી વાહનો માટે નથી ? કે ત્યાં ભ્રષ્ટાચાર આચરી શકાતો નથી? સાચું શું છે ? જો કાયદાનું પાલ કરાવવું હોય તો બધે જ કરાવો. માત્ર દંડ કરવા માટે અને ભ્રષ્ટાચાર આચરવા માટે ખાનગી વાહનોને જ શા માટે ટાર્ગેટ કરવામાં આવે છે. અરે, મિત્રો, તમે આ લેખ વાંચતા હશો ત્યારે પણ પરિસ્થિતિ તો એ જ ચાલુ હશે. ટ્રાફિક પોલીસે કેટલા સરકારી વાહનો પકડયા ? કેટલી બસ પરથી રંગીન ફિલ્મ ઉતારી ? તો પોલીસના આવા એકપક્ષી વર્તનને કારણે જ પ્રજા દૂર જાય છે અને ટ્રાફિક પોલીસ બેઇજ્જત બને છે. મહેરબાની કરીને ટ્રાફિક પોલીસે ટ્રાફિકનું સુચારું, વ્યવસ્થિત સંચાલન થાય તેમાં ધ્યાન આપવાની જરૂર છે, માત્ર પ્રજાને જ દંડ કરવાથી ઉકેલ નહીં આવે. ગોળ ખાવાની ત્યારે જ ના પડાય, જ્યારે આપણે ગોળ ન ખાતા હોઇએ. આવી ઘટનાઓ રોકવા કે દૂર કરવા માટે પોલીસ અને પ્રજા બંનેને અનૌપચારિક શિક્ષણ આપવું પડશે. શરૂઆત વધુ જવાબદાર એટલે કે પોલીસથી જ કરવી પડશે.